# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-07-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાજયમાં ચોમાસુ ખરીફ વાવેતર -:

રાજ્યમાં 50 ટકાથી વધુ વિસ્તારમાં ચોમાસું ખરીફ વાવેતર પૂર્ણ થયું છે. સૌથી વધુ અંદાજે 18 લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર કરાયું છે. જ્યારે 17 લાખ 10 હજાર હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર બીજા ક્રમે રહ્યું છે તેમ કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે.

બીજી તરફ સાર્વત્રિક વરસાદન કારણે રાજ્યના 34 બંધ હાઈઅલર્ટ, 20 બંધ અલર્ટ અને 19 બંધ ચેતવણી પર મુકાયા છે. જ્યારે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધમાં હાલમાં તેની ક્ષમતાના 48 ટકા જેટલો જળસંગ્રહ ઉપલબ્ધ છે.

ચાલુ ચોમાસાની મોસમમાં સ્થાનિક વહીવટી તંત્ર, NDRF, SDRF દ્વારા અત્યાર સુધીમાં 10 જિલ્લામાંથી ચાર હજાર 278 નાગરિકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે. જ્યારે 685 લોકોને બચાવી લેવાયા છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છમાં આજનો વરસાદ:

જીલ્લામાં બે દિવસ ધોધમાર વરસાદ વરસ્યા બાદ આજે વરસાદનું પ્રમાણ ઘટ્યું છે. જોકે રાપર અને માંડવી તાલુકાના કેટલાક વિસ્તારોમાં વરસાદે આજે પોતાની હાજરી નોંધાવી છે.

જિલ્લા કન્ટ્રોલ રૂમમાંથી અમને મળેલી વિગતો અનુસાર આજે સવારે છ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં રાપર તાલુકામાં ૧૨ મીલીમીટર જયારે માંડવીમાં ૧૦ મીલીમીટર

વરસાદ પડ્યો છે. આ ઉપરાંત, ભુજ તાલુકામાં ૫, ભચાઉમાં ૪ અને અબડાસા તાલુકામાં ૩ મીલીમીટર વરસાદ નોંધાયો છે.

---

## જળાશયો-સાવચેતી:

જળાશયોમાં ડૂબી જવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્રે વિવિધ નહેરો, ચેકડેમ, તળાવો, કોઝ-વે, પાપડી, પાણી ભરાઈ રહેતા વિસ્તારો, દરિયા કિનારાના વિસ્તારો વગેરેની નજીક ન જવા, પાણીમાં ન્હાવા ન પાડવા  કે તેમાં ઉતારવાનું સાહસ ન ખેડવા તેમજ ધાર્મિક મેળાવડા-ઉત્સવો સંદર્ભે આવા સ્થળોએ સાવચેતી દાખવવા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.જિલ્લા કલેકટર આનંદ પટેલે આ અંગે આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ- જિલ્લા કલેકટર- આનંદ પટેલ)

દરમ્યાન, નખત્રાણાના પાલરધુના ધોધ, મથલ ડેમ સહિતના સ્થળો પર સલામતીના કારણોસર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

---

## ગઢશીશા-હાલાપર રોડ મરામત:

માંડવીના પોલડીયા ગામ નજીક ગઢશીશા હાલાપર રોડને યુદ્ધના ધોરણે મરમ્મત કરીને પૂર્વવત કરાયો છે.

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વરસી રહેલા વરસાદ અને પાણીની આવકના લીધે રોડ રસ્તાઓ પ્રભાવિત થયા છે. માંડવી તેમજ ગઢશીશા વિસ્તારમાં ભારે વરસાદના લીધે ગઢશીશા-મઉ-કોટડી મહાદેવપુરી રસ્તા ઉપર આવેલા પોલડીયા ગામના એપ્રોચ રોડને નુકશાન થયું હતું. પાણીના ધસારાથી કોઝવેના બંને તરફના એપ્રોચ રોડનું ધોવાણ થઈ ગયું હતું અને પાણીના ઓવરટોપિંગના લીધે માર્ગને બંધ કરવાની ફરજ પડી હતી.

પાણી ઓસરી ગયા બાદ માર્ગ અને મકાન વિભાગ રાજ્ય દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરીને પથ્થર, માટીથી પુરાણ કરીને જમીનને સમથળ કરવામાં આવી હતી અને માર્ગને પૂર્વવત કરવામાં આવ્યો છે.

---

## ખારાઈ ઊંટ :

વરસાદી માહોલ વચ્ચે એક આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. કચ્છના દરિયાકાંઠેથી સ્વિમિંગ કરી 10 જેટલાં ઊંટ દ્વારકાના દરિયાકાંઠે પહોંચ્યાં હતાં.

આ અંગે મળતી માહિતી મુજબ, મૂળ જામનગર જિલ્લાના ખંભાળિયા તાલુકાના સીંગચ ગામના માલધારી પોતાના ખારાઇ પ્રજાતિનાં ઊંટોને લઇને કંડલા પાસેના કાંઠા વિસ્તારમાં ગયા હતા. આ દરમિયાન ભારે વરસાદને કારણે 10 જેટલાં ઊંટ દીનદયાળ પોર્ટ નજીકથી દરિયામાં તણાઇ ગયાં હતાં. તેઓ તરીને દ્વારકાના વાડીનાર પોર્ટ પહોંચ્યાં હતાં, જ્યાં વાડીનાર પોલીસે તમામ ઊંટોનું રેસ્ક્યૂ કર્યું હતું તમામ ઊંટોને સલામત રીતે બહાર કાઢ્યાં બાદ હવે એમને તેમના માલિકને સોંપવાની કામગીરી હાથ ધરાઇ છે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય માન્યતા ધરાવતા કચ્છનાં ખારાઈ ઊંટ એશિયામાં એક માત્ર પાણીમાં તરી શકતી ઊંટની પ્રજાતિ છે, જે ચેરનાં વનપસ્પતિનાં પાંદડાં ખાવા માટે દરિયામાં જાય છે.

---

## માર્ગ અકસ્માત:

ભચાઉ નજીક સામખિયાળી તરફના છ માર્ગીય ધોરીમાર્ગ પર વોન્ધ ગામ પાસે એક મોટી દુર્ઘટના ટળી હતી. ગઈકાલે એક ટેન્કર બ્રેક ડાઉન થઈને રસ્તામાં અટકી ગયું હતું. સામખિયાળી ટોલ પ્લાઝાની ટીમે સલામતી માટે ટેન્કર ફરતે દિશા સૂચક પિલર મૂક્યા હતા. આજે વહેલી સવારે ચાર વાગ્યે એક એસિડ ભરેલું ટેન્કર આ બંધ પડેલા ટેન્કર સાથે અથડાયું હતું. આ ઘટના બાદ કેમિકલ લીકેજની અફવા ફેલાતા વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો.

ઘટનાની જાણ થતા ભચાઉ ફાયર વિભાગને બોલાવીને સલામતીના પગલાં લેવામાં આવ્યા હતા અને સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાન માલનું નુકસાન થયું નથી.

---

## અગ્રણી તબીબનું અવસાન:

ભુજના અગ્રણી સેવાભાવિ તબીબ અઝીમભાઈ શેઠનું ગઈરાતે ભુજમાં અવસાન થયું છે.તેમની વય 81 વર્ષની હતી. તેઓ ગરીબ દર્દીઓની નિશુલ્ક સેવા કરતા હતા અને ભુજની ઘણી સામાજિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલ હતા.

---

## કચ્છના કલાના કસબીઓને રાષ્ટ્રીય એવોર્ડ:

કચ્છના ત્રણ કલાના કસબીઓને વર્ષ 2024ના રાષ્ટ્રીય એવોર્ડ જાહેર થયા છે, જેમાં કચ્છમાં પ્રથમ વખત મશરૂ વણાટકામ માટેનો એવોર્ડ આપવામાં આવશે.

---